R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયુબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ **સાપ્તાહિક**

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૯

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

If undelivered pl. return to; (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

છાપાનું લવાજમ બાકી છેલ્લા ( )-ના ( )

કાર્યાલય :૨/૧૦ સોનિયો એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

YEAR-22 • ISSUE: 36 DATE: 07-09-2013• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-



## કેટલાક ખ્રિસ્તી શિક્ષણનો અમલ કરવો ખુબજ અઘરો છે : બ્રિટીશ વડાપ્રધાન ડેવીડ કેમરુન

બ્રિટીશ વડા પ્રધાને એવું કબુલ્યું હતું કે ખ્રિસ્તી શિક્ષણનો અમલ કરવો ખુબજ અઘરો પણ છે.બીજા શિક્ષણ કરતાં તેનો અમલ કરવો કઠીન પડે છે.જેમ કે તમે તમારુ સવર્સ્વ ગરીબોમાં વહેચી દો.પરંતુ મોટાભાગનું બાયબલનું શિક્ષણ રોજબરોજના જીવનમાં લાગુ પડતું હોય છે.હું ખ્રિસ્તી છું અને ચર્ચ ઓફ ઈગ્લેન્ડનો એક સક્રિય સભ્ય છું.અને બીજા ખ્રિસ્તીઓની માફક હું પણ કેટલીક ખ્રિસ્તી શિક્ષણની બાબતમાં મથામણ અનુભવું છું કે મુશ્કેલી અનુભવું છું.

આ તેમણે પ્રશ્નોતરી અને જવાબના બ્લેકબર્ન,ખાતે યોજાયેલ કાર્યક્રમાં ભાગ લેતા આ જણાવ્યું હતું, તેવું ધ ડેઈલી મેઈલે તેના રીપોર્ટમાં જણાવ્યું હતું.

વડાપ્રધાનને ખાસ આ બાબતે પુછવામાં આવ્યું હતું કે ઈસુ ખ્રિસ્તે તમને આપેલ શિક્ષણ અને સુચનો બાબતે તમારુ શું મંતવ્ય છે.ઈસુના શિક્ષણમાં સુચવવામાં આવ્યું છે કે તમારી તમામ માલમિલ્કત ગરીબો અને જરુરીયાતમંદોને વહંચી દો. આ બાબતે તમે શું કહેવા માંગો છો.માર્ક ૧૦, બાયબલમાં આ બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.જ્યાં એક વ્યક્તિ ઈસુને સવાલ કરે છે કે મારે અનંત જીવનનો વારસો પામવા શું કરવું જોઈએ.ત્યારે ઈસુએ તેને જવાબમાં જણાવ્યું હતું કે તારુ જે કાંઈ છે તે ગરીબોને આપી દે અને મારી પાછળ ચાલ.અને તને અનંતજીવનનો વારસો મળશે.પરંતુ તે વ્યક્તિને આ શિક્ષણ ઘણું જ મુશ્કેલ લાગ્યું હતું અને તેથી તે ત્યાંથી ચાલ્યો ગયો.

વડાપ્રધાન કેમરુને જણાવ્યું હતું કે તેમન આવો પ્રશ્ન કયારેય પુછવામાં આવ્યો નથી.તેમણે કહયું કે ઈસુએ આપેલ શિક્ષણ પ્રમાણે ચાલવું તેમના માટે પણ તકલીફ વાળું છે.તેમણે એ પણ કહયું હતું કે બાયબલ એ ખોટી બાબતો જણાવતું નથી પરંતુ જીવનમાં ઘણી બધી ઉપયોગી બાબતો પણ શીખવે છે.



રોમા ડોઉની,ધ બાયબલ ટીવી સીરીયલના પ્રોડ્યુસર જેને યુએસમાં ભારે પ્રશંશા મળી છે.

અનું.પાન નં. ૪ ઉપર

## પ્રોડ્યુસર માર્ક બર્નેટ્સની ખુબજ પ્રચલિત બનેલ ટીવી સીરીયલ ધ બાયબલ ઓસ્ટ્રેલીયાની ચેનલ ૯ પર રીલીઝ થશે

ગત વર્ષે યુ.એસ.ટેલીવીઝન પર પ્રસારિત થયેલ અને ખુબજ વખણાયેલ કાર્યક્રમ ધ બાયબલને ચેનલ ૯ ઉપર ઓસ્ટ્રેલીયામાં પ્રસારિત કરવામાં આવશે તેવું જણાવાયું હતું.ત્યાં આ પ્રસારણને યુએસ કરતાં પણ વધારે રેટીંગ મળશે તેવી ધારણા કરવામાં આવી રહી છે.

ગત વર્ષે યુ.એસમાં પ્રસારિત આ ટીવી કાર્યક્રમને ૧૩ મીલીયન દર્શકોએ નિહાળ્યો હતો.જે વર્ષ દરમિયાનની સૌથી મોટી સીરીયલ તરીકે ગણવામાં આવી હતી.

પ્રોડ્યુસર માર્ક બર્નેટ્સ એક ખુબજ ધાર્મિક ખ્રિસ્તી વ્યક્તિ છે. આ પહેલા તેમણે શાર્ક ટેન્ક,સેલીબ્રીટી એપ્રીન્ટીસ જેવી ખુબજ ચાહના મેળવેલ ટીવી સીરીયલો પ્રસારિત કરી હતી જેને ખુબજ સારો આવકાર દર્શકો તરફથી મળ્યો હતો.કોઈ વ્યક્તિ તમારી પાસે ચાલતાં ચાલતાં આવે અને કહે કે ચાલો આપણે બાયબલ વિશે વાત કરીએ.તો તમે જરાક . બર્નેટ્સે એપીએનને આપેલ એક ઈન્ટરવ્યુંમાં આ બાબત કહી હતી.આ મુલાકાત લોસ એન્જલસ, કેલીફોર્નીયા ખાતે યોજાઈ હતી.પરંતુ કોઈ આવીને તમને પુછે કે તમે બાયબલ સીરીઝને જોઈ છે ? આપણે એ બાબતે વાત કરીએ.તો કદાચ તમે વધુ અનુકુળતા અનુભવશો.આ ટીવી કાર્યક્રમમાંથી જે ફલિત થયું છે તે એ છે કે લોકોને બાયબલ બાબતે ચર્ચા કરવાનું પસંદ પડ્યું તેમજ વધુ લોકો સાથે જોડાવાનું પસંદ પડ્યું.


ખુબજ જાણીતા એવા આ બાયબલ ટીવી કાર્યક્રમના પ્રોડ્યુસર અને તેમના પત્ની રોમા ડોઉની ઉમેરે છે કે બધા જ લોકો,જેમાં બિન ખ્રિસ્તીઓ પણ આ ટીવી કાર્યક્રમમાં ઓતપ્રોત બન્યા છે.તેમજ બાયબલની આ શ્રેણીમાં બતાવેલ બાબતો એકબીજા સાથે પોતાના વિચારો વહંચ્યા છે.

માર્ક રેડ્ડી, સીઈઓ,ક્રિશ્ચિયન મીડીયા, ઓસ્ટ્રેલીયાએ ઓસ્ટ્રેલીયામાં વસતા ખ્રિસ્તીઓને આ સીરીયલ જોવા માટે પ્રોત્સાહિત કર્યા છે.તેઓએ જણાવ્યું હતું કે અમો માનીએ છીએ કે બાયબલ સીરીયલ એ એક અમારા માટે મહત્વની તક છે જે દ્વારા સુવાર્તા સમગ્ર ઓસ્ટ્રેલીયામાં વહેચી શકીએ છીએ.તેથી અમો તેની પાછળ છીએ અને આ સીરીયલ સફળતાને વરે તેવું અમે ઈચ્છીએ છીએ.

એગ્લીકલ ડાયોસીસ ઓફ મેલબોર્ન ના જણાવ્યા પ્રમાણે અમો દરેક ખ્રિસ્તી વ્યક્તિ બાયબલની સીરીયલને ચેનલ -૯ પર નિહાળે તેવું ઈચ્છીએ છીએ.ખ્રિસ્તી દર્શકોનો ઓસ્ટ્રેલીયામા ખુબજ મહત્વનો રોલ છે.ખ્રિસ્તી લોકોનો નેતા તરીકે અમે ઈચ્છીએ છીએ કે આ મહાન ટીવી શ્રેણીને ઉચો પ્રતિસાદ મળે તેમજ ઉંચુ રેટીંગ પણ મળે.આ જ સીરીયલને પાંચ મહીના પહેલા મોરક્કોમાં બતાવવામાં આવી હતી.અને તેને ત્યાંના દર્શકો તરફથી ભારે ઉંચો પ્રતિસાદ મળ્યો હતો.તે બતાવવાનો બંધ કર્યુ પછી પણ તેને ફરીથી બતાવવાની માંગણી સામે પ્રતિરાત્રીએ ૩.૫ મીલીયન દર્શકો આ સીરીયલને નિહાળી હતી.આ સીરીયલની ડીવીડી એ પણ વેચાણમાં રેકોર્ડ બ્રેક વેચાણ કર્યુ હતું.આ સીરીયલના પ્રસારણના પહેલા સપ્તાહમાં ૫,૨૫,૦૦૦ ડીવીડીની કોપીઓ વેચાઈ ગઈ હતી.



ધ હિસ્ટ્રરી ચેનલમાં ખુબજ પ્રચલિત બનેલ ટીવી શો ધ બાયબલમાં ઈસુના પુનરુત્થાન પછીનું દશ્ય




**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવ ક્રાંતિ

આખરે જેલમાં પુરાયેલા પોલીસ અધિકારીઓ પૈકીના મુખ્ય ગણાતા પોલીસ અધિકારી વણઝારાએ જે કેફીયત રજુ કરી તેમાં મુખ્યમંત્રી અને તેમના સહયોગી માજી ગૃહમંત્રી અમિત શાહ ઉપર જે દોષારોપણ કરવામાં આવ્યા છે તે એવી બાબત રજુ કરે છે કે વિકાસના નામે આ પરિબળોએ ગુજરાતમાં જે કાંઇ બન્યુ છે તેના મુખ્ય પરિબળો છે.ગોધરાકાંડમાં પણ સરકારની સામેલગીરી બતાવે છે.તેથી નરેન્દ્ર મોદીને આવનારા દિવસોમાં કપરા ચઢાણ ચઢવા પડશે.સૌ પ્રથમ તો પક્ષમાં તેમના વિરુધ્ધ જે લોકો હતા અને જેમનો અવાજ દબાવી દેવામાં આવ્યો હતો તેવા આ કફીયતને વજુદ ગણીને તેમના પર પ્રહાર કરશે.જેથી દિલ્હીની ગાદી સર કરવાના હાલના તેમના મુખ્ય મનોરથ ઉપર પાણી ફરી બેસસે એવા શંકા નથી. જો કે હંમેશા ભાજપ તેમની સામે ઉભા થયેલા આરોપોને સાચા હોવા છતાં બેબુનિયાદ સાબિત કરવામાં માહિર છે.તેથી આ પરિસ્થિતિનો પણ લાભ લેવા પ્રયત્ન્ કરશે. ચુંટણી અભિયાન તેમજ મોદીની વ્યક્તિ વિશેષ તરીકેની છાપ ઉભી કરવા માટે મીડીયાને ભરપુર નાણાં આપવામાં આવ્યા હશે તેવું હાલમાં મીડીયા દ્વારા ખાસ પ્રચાર ઝુંબેશ પરથી લાગે છે.અમિત શાહને યુ.પીના મુખ્ય કાર્યકર્તા તરીકે મુકવામાં આવ્યા છે જેથી મસલ્સ પાવર ઉપર તેઓ કાબુ મેળવી શકે અને મસલ્સ અને મની પાવર સાથે યુપીમાં ચુંટણીમાં સારા પરિણામ મેળવી શકાય તેવી ગણતરીઓ હોઇ શકે તેવુ કેટલાક લોકોનું માનવું છે.પરંતુ હવે પરિસ્થિતિ બદલાય પણ શકે છે.

## મંતવ્ય

આજના સમયમાં સ્ત્રી શિક્ષણ ખુબજ ઓછું થતું ગયુ જોવા મળે છે. તેનું મહત્વ ખુબજ ઘટી ગયેલું દેખાય છે.સ્ત્રીઓને ભણવામાં ખુબજ રસ હોય છે. પરંતુ ઘરના કોઇ લોકો તેને સમજતા નથી હોતા અને થોડું ક ભણાવીને તેમના લગ્ન કરાવી દેવામાં આવે છે.તેઓની ભણવાની ઇચ્છા અધુરી રહી જાય છે.સ્ત્રીઓને બાળપણમાં લગ્ન ના કરવા હોય તો પણ તેમને દબાણ કરીન જબરજસ્તીથી લગ્ન કરવા પડે છે.જે સમય આ છોકરીઓનો હરવા ફરવાનો અને રમવાનો સમય હોય ત્યારે તેઓ પોતાના બાળકને લઇને ફરતી થઇ જાય છે.આવી શિક્ષણ વિનાની સ્ત્રીઓ જીવનમાં ક્યારેય આગળ આવી શકતી નથી.સરકારે કન્યાઓ માટે ૧થી ૧૨ ધોરણનું શિક્ષણ તો મફત અને ફરજીયાત કરવાનો કોઇને કોઇ કાયદો જરુરથી કરવો જોઇએ.તોજ સ્ત્રીઓ આગળ વધી શકશે.અને પોતાના કુટુંબ કે સમાજનું નામ રોશન કરી શકશે.જો સ્ત્રીઓ દઢ સંકલ્પ કરે તો કશું અશક્ય નથી. પરંતુ તેના માટે સમય અને સંજોગો એવા ઉભા કરવામાં આવે છે કે તે અસહાય બની જાય છે.શિક્ષણ વધે અને બાળલગ્નો પર પ્રતિબંધ આવે તો સુધારો શક્ય બની શકશે.

પરમાર રીંકલ જે.ઓઢવ, અમદાવાદ.


### આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઇ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.



### શાલેમ મેરેજ બ્યુરો

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-
શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭
E.mail : Shalemmburo@gmail.com


# આર્યલેન્ડની સરકારે માતનાનો જીવ જોખમમાં હોય ત્યારેગર્ભપાત કરવાના કાયદાને મંજુરી આપી




આર્યલેન્ડની સંસદ ઘણી બધી રાત્રીઓની ચર્ચા બાદ ગર્ભપાતના કાયદાને મંજુર રાખ્યો હતો. જેમાં એવી જોગવાઇ કરાઇ છે કે માતાની જીંદગી બચાવવાની બાબત હોય ત્યારે ગર્ભપાત કરી શકાય,તેમજ કોઇ માતા ધારણ કરેલા ગર્ભને કારણે આત્મહત્યા કરવા તત્પર હોય ત્યારે ગર્ભપાત કરી શકાય અને તેને કાયદેસર ગણવામાં આવશે.આ પહેલા ગર્ભપાત આર્યલેન્ડમાં કાયદેસર ગણાતો નહોતો.આ કેથોલીક દેશ છે અને ત્યાં ખ્રિસ્તી ધાર્મિક માન્યતાઓને આધારે ગર્ભપાત કરવાની છુટછાટ મળેલી નહોતી.પરંતુ ભારતીય ડેન્ટીસ મહિલા સવિતા હાલાપ્પનાવરનું ગત ઓક્ટો ૨૦૧૨ માં લોહીનું ઝેરમાં રુપાંતર થઇ જતા તેનો ગર્ભપાત ડોકટરો કર્યો નહોતો કારણકે તેમને કાયદો નડતો હતો.પરંતુ ડો. સવિતા ના મૃત્યુ બાદ સમગ્ર વિશ્વમાં આર્યલેન્ડના કાયદા વિરુધ્ધ એક જનમત ઉભો થયો,તેમના દેશમાં પણ એક વિરોધનો વંટોળ ઉભો થયો અને પરિણામે સંસદમાં ગર્ભપાતના કાયદા માં છુટછાટ મુકવા વિચારણા કરવામાં આવી અને અનેક કલાકોની ચર્ચા બાદ અંતે આ કાયદાને સ્વરુપ આપવામાં આવ્યું.

પ્રોટેકશન ઓફ લાઇફ ડ્યુરીંગ પ્રેગ્નન્સી બિલ-૨૦૧૩ લોઅર હાઉસ,પાર્લામેન્ટમાં પસાર કરવામાં આવ્યો.જેમાં બિલની તરફેણમાં ૧૨૭અને વિરુધ્ધમાં ૩૧ વોટ પડ્યા હતા.દેશમાં ગર્ભપાતને મંજુરી આપવામાં આવી જેમાં માતાની જીંદગી જોખમમાં હોય ત્યારે ગર્ભપાત કરી શકાય.જ્યારે પ્રેગ્નન્સીને કારણે કોઇ જોખમને કારણે માતા આપઘાત કરવા માંગતી હોય ત્યારે ગર્ભપાત કરી શકાય.એવી જોગવાઇઓ આ કાયદામાં કરવામાં આવી છે.આ ઉપરાંત આ કાયદામાં કેટલાક ઉમેરા પણ કરવામાં આવ્યા તેમાં બળાત્કારથી કોઇ વ્યક્તિ પ્રેગ્નન્ટ થઇ હોય અને તેનો ગર્ભપાત કરવાનો હોય તો તેને મંજુરી આપવામાં આવી છે.જેઓ આ બિલનો વિરોધ કરનાર નેતાઓ હતા,જેમાં ધાર્મિક નેતાઓ પણ હતા, તેમણે દલીલો કરતાં કહ્યું હતું કે ગર્ભપાત વિનંતી હોય ત્યારે કરવાની મંજુરી આપવી જોઇએ.જેમાં આપધાત જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હોય ત્યારે ખાસ કરીને.ગર્ભપાત કરતાં પહેલા બે માનસશાસ્ત્રીઓએ આવી પરિસ્થિતિનું વિશ્લેષણ કરવું જોઇએ. અને આપધાત કરવાની પરિસ્થિત બાબતે કારણો ખરેખર ઉગ્ર છેકે નહિ તે તારવવું ત્યાર બાદ મંજુરી આપી શકાય.કેટલાક સામાજીક કાર્યકરોની દલીલ હતી કે હાલના કાયદામાં પણ માતાની જીંદગી જોખમમાં હોય ત્યારે ગર્ભપાત કરવાની જોગવાઇ અસ્તિત્વમાં છે.આજથી વીસ વર્ષ પહેલા આર્યલેન્ડની સુપ્રીમ કોર્ટે એવો ચુકાદો આપેલો છે કે માતાની જીંદગી જો જોખમમાં હોય તો ગર્ભપાત કાયદેસર ગણાય.પરંતુ આ ચુકાદાને કયારેય કાયદાનું સ્વરુપ મળ્યુ નહોતું.તેથી ડોકટર અને દર્દીઓ બંન્ને ને માટે ગર્ભપાત અંગે શું નિર્ણય કરવો તે માટે અસંમજની સ્થિતિ રહેતી.જે બાબત ડો. સવિતામાં ઉદ્‌ભવી હતી. જો આમ કરવાથી કોઇની જીંદગી બચી જતી હોય તો તેનો કોઇને વાંધો હોવો જોઇએ નહી.અત્યારના કાયદા મુજબ દરેક મહિલાને તેની જીંદગી બચાવવાનો હક વૈદકીય સારવાર દરમિયાન મળેલો છે.પરંતુ નવા કાયદામાં આપઘાત કરવા પ્રેરાતી મહિલાઓ પર ગર્ભપાત કરાવી શકે છે.જે ખરેખર સાચી વૈદકીય સલાહ નથી.ગર્ભપાત કરવાથી આપઘાતના કિસ્સા રોકી શકાશે નહી.એ તો માત્ર બાળક ગુમાવવાની વાત છે.જે મહિલાની માનસિક સ્વસ્થતાને નુકસાન કરે છે.

સરકારી બિલ હવે કાયદો બની ગયું.આ સહુ પ્રથમ વાર ઇતિહાસ બનાવશે જે સીધે સીધુ નહી જન્મેલા બાળકને અસર કરશે.જે બાબત મીલીયન માઇલ સારી દવાથી દુર છે.જેઓ આ બિલની તરફેણમાં હતા તેમનું માનવું છે કે આ એક પગલુ આગળ વધ્યા છીએ.હજુ દેશમાં આ કાયદાને સંપુર્ણ રીતે લાગુ કરવામાં વાર લાગશે.જેમાં બળાત્કાર બાદ પ્રેગ્નન્ટ થયેલ છોકરીઓ કે મહિલાઓ બાબતે એટલો ઝડપથી નિર્ણય આવશે કે કેમ તે બાબતે શંકા છે.

બીબીસીના મતે રોજ આર્યલેન્ડથી ૧૧ મહિલાઓ ગર્ભપાત કરવવા માટે ગ્રેટ બ્રિટન આવે છે.હ્યુમન રાઇટ્સ વોચે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટના ચુકાદા કરતાં થોડું આગળ આ બિલ છે.નવા કાયદા એટલો બધો સાફ નથી.કારણકે મહિલાઓને હેલ્થ પ્રોફેશનલ્સ પાસેથી આ બાબતે મંજુરી લેવી પડશે.જેથી ગર્ભપાત કરવામાં મોડું પણ થઇ શકે છે.ગૌરી વાન ગુલીક, મહિલા રાઇટ્સ એડવોકેટ, હ્યુમન રાઇટ્સ વોચે આ બાબત જણાવી હતી.


### જાહેર ખબર તથા લવાજમના એજન્ટ

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઇટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭
શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઇશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩
શ્રી પિયુષભાઇ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨



### જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |


ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# ઓક્સફર્ડ ડીક્શનેરીમાં મેરેજની વ્યાખા સુધારીને તેમા સજાતીય લગ્નનો ઉમેરો કરવો પડશે




વિશ્વની સૌથી મોટી ડિક્શનેરી ઓક્સફર્ડની અંગ્રેજી ભાષામાં છે.તેમણે જાહેર કર્યું હતું કે હવે લગ્નની વ્યાખ્યામાં સજાતીય લગ્નનો ઉમેરો કરવો પડશે કારણકે બ્રિટને હવે સજાતીય લગ્નોને કાયદેસરની માન્યતા આપી છે.જો કે ઓસ્ટ્રેલીયન રાજકીય નેતાઓ અને ધાર્મિક નેતાઓએ સજાતીય લગ્ન એટલે માનસિક રીતની એક બિમારી ગણાવી હતી.જેથી અમો સતત ડિક્શનેરીમા આ શબ્દ બાબતે નિરિક્ષણ કરતા હતા.શબ્દનો યોગ્ય અર્થ શોધવો,અને તેને ઉમરવો તે એક દ્વીધા હતી.

જો કે ત્યાર બાદ તે શકય બન્યું.ઓક્સફર્ડ ડીક્શનેરી.કોમે તાજેતરમાં લગ્ન બાબતની વ્યાખ્યા આપતા જણાવ્યું કે પહેલા એક પુરુષ અને એક મહિલાનું એકઠા થવું અને જેને કાયદાએ લગ્ન તરીકેની માન્યતા આપેલ,તે પ્રમાણે તેઓ પતિ અને પત્ની ગણાતા.કાયદામા પણ આજ પ્રમાણેની માન્યતા સ્થિર થયેલ હતી.પરંતુ સજાતીય લગ્ન એટલે એકજ સેક્સ કે જાતિના બે લોકો વચ્ચે ઉભો થયેલ કરાર.અમો સતત આ બાબતે તપાસ કરી રહ્યા છીએ કે આ વ્યાખ્યાને કેવી રીતે બદલી શકાય કે તેમાં ઉમેરો કરી શકાય.તેવું ઓક્સફર્ડ યુની.પ્રેસના એક પ્રવક્તાએ જણાવ્યું હતું.

ઓક્સફર્ડ ડીક્શનેરી બીજા બધાં કરતાં અલગ છે.અને તે ભાષા બાબતે ઐતિહાસિક રેકોર્ડ ધરાવે છે.ભુતકાળમાં કરેલા અર્થ ચાલુ રહેશે,ભાષા બદલાય તો પણ,પરંતુ નવા અર્થ તેમાં ઉમેરાતા જશે.તેણીએ વધુમાં ઉમેર્યું હતું કે રીપોર્ટ મળ્યા મુજબ ગે રાઈટ્સ એકટીવિસ્ટો દલીલ કરી રહ્યા છે કે ગે સબંધો બાબતે કરેલ રેફરન્સ કે વ્યાખ્યા બંધ બેસતા નથી.જો કે કોઈપણ દેશમાં એ કાયદો હોય તો પણ ગે લગ્નનો પહેલા લગ્નની વ્યાખ્યા પ્રમાણે જ ગણવા જોઈએ.

બ્રિટનની સંસદે સજાતીય લગ્નોને કાયદેસર બનાવતો કાયદો પસાર કરી દીધો તે પછી અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા છે.જેવો કે ડીક્શનેરીમાં લગ્નના અર્થમાં આ બાબતને ઉમેરવી તો કેવી રીતે ઉમેરવી, અને તેની નવી વ્યાખ્યા કેવી રીતે કરવી, ખેર પ્રશ્નો છે ત્યાં જવાબો પણ મળે છે.અને તે અંગેની નવી વ્યાખ્યા પણ શોધી કાઢવામાં આવશે.

# ખ્રિસ્તીઓને બીજા દરજ્જાના નાગરિકો તરીકે ગણાવાય છે,કેન હચરસન પાસ્ટર

લેખક અને ભુતપુર્વ એનએફએલ લાઈનબેકર અને સીનીયર પાસ્ટર,સીટલ્સ એન્ટીઓચ બાયબલ ચર્ચ,કેન હચરસને ક્રિશ્ચિયન પોસ્ટને જણાવ્યું હતું કે હવે હું અહીંયા ફરીથી ખ્રિસ્તી તરીકે મારા વિચારો પ્રદર્શિત કરુ છું. એક રુઢિચુસ્ત ધાર્મિક તરીકે,એક બંધારણીય વ્યક્તિ તરીકે.અમો એક માત્ર એવા લોકો છીએ કે જેમને ફરીથી અસ્પૃશ્ય ગણાવાય છે અને તો પણ કોઈ તેને જાતિભેદ, રંગભેદ કે અશ્પૃશ્ય કહેવા તૈયાર નથી.


ખ્રિસ્તીઓ બીજા દરજ્જાના નાગરિકો ગણાવાય છે. તે માત્ર એમ નથી કહેતો કે તે હું ખ્રિસ્તી એટલા માટે નથી બન્યો કે જેવી રીતે આફ્રિકન-અમેરિકન તેમના નાગરિકી અધીકારો માટેની ચળવળ ફરીથી ચલાવી છે તેવી રીતે મારે પણ ચલાવવાની છે.

હું એટલા માટે ખ્રિસ્તી નથી બન્યો કે જેથી આજ મારે બધી બાબતો માટે લડાઈ કરી પડે. મને એક કાળા વ્યક્તિ તરીકે સમાન અધિકારો મળવા જોઈએ.

તેમણે દાખલો આપતા જણાવ્યું કે ટી પાર્ટીના સભ્યો ભેદભાવનો સામનો કરે,કેટલાક લોકો બાયબલ આધારીત એવા તથ્યોનો સહારો લઈને સજાતીય સબંધોને માન્યતા આપે,અને આપણે તેમને મેરી ક્રિસમસનો જાણીતા ગ્રેટીંગ આપવાના.તેમણે ભુતકાળને યાદ કરતાં જણાવ્યું કે હાલમાં જે બાબતો માટે અમો વિસંગતતા અનુભવી રહ્યા છે તેને ૧૯૬૦ાં સીવીલ રાઈટસ સાથે આમ તો સરખાવી ના શકાય,તે સમયે કાળા લોકો પ્રત્યે ભેદભાવ અને હિંસા આચરાઈ હતી.પરંતુ આ બેનો બાબતોમાં એક સામ્યતા હતી અને તે એ હતી કે સમાન હક્કો માટેની તે લડાઈ હતી.બ્લેઝ વીડીયોમાં ગત સપ્તાહમાં તેઓ અમારા સમાનતાના હક્કો ભેદભાવ કરીને પાછા લઈ લેવાયા છે.

તેમણે પુછ્યુ હતું કે જુડો ખ્રિસ્તીઓ,ટી પાર્ટીઝ અને બીજા રુઢિચુસ્તો જેઓ બીજા દરજ્જાના નાગરિકો હોવાનું અનુભવે છે જેમને આઈઆરએસ દ્વારા છુટા પાડવામાં આવ્યા છે.એનએસએ દ્વારા તેમના પર જાસુસી કરાવાય છે. તેઓ પોતાના હક્કો માટે ઉભા થઈ શકે નહી માંગણી કરીશકે નહી,કાયદા દ્વારા તેઓ સમાન દરજ્જાની માંગણી માંગણી કરી શકે નહી.

એક જાણીતા ખ્રિસ્તી પાળકે એવું



કહ્યું હતું કે જ્યારે તેઓ આવ્યા ત્યારે તેમના હાથમાં બાયબલ હતા.હવે અમારા હાથમાં બાયબલ છે તેઓ અમારી સંપત્તિના માલિકો બની બેઠા છે.અસમાનતા, કે ભેદભાવ દર્શાવાય ત્યારે સમજદાર લોકોનો આત્મા કકળી ઉઠે છે અનો વિદ્રોહની ચીનગારી સળગે છે.એક પાસ્ટરે કહ્યું કે હવે ફરીથી હું ખ્રિસ્તી નહીં બનું કારણકે ખ્રિસ્તી થવાથી હું સેકન્ડ કલાસ નાગરિક બની ગયો છું.


## ★ નીલા ફાઇનાન્સ ★


**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


# મેક્સીકો સ્થિત મીનીસ્ટ્રીએ આઠ વધુ ભાષાઓમાં સુવાર્તાનું રેકોર્ડીંગ તૈયાર કર્યુ



ન્યુ મેક્સીકો સ્થિત મીનીસ્ટ્રીએ વધુ આઠ ભાષાઓમાં સુવાર્તાનું રેકોર્ડીંગ કર્યું હતું. હવે ૭૩૩ ભાષાઓમાં આ રેકોર્ડીંગ ઉપલબ્ધ છે.જેના દ્વારા વિશ્વની ત્રીજા ભાગની વસ્તીને સુવાર્તા પહોચાડી શકાશે.મીનીસ્ટ્રીએ સંપુર્ણ મફત રીતે ડીજીટલ રીસોર્સ ઉપલબ્ધ કરાવશે.

અમારા રીસોર્સીસ,ટેકનોલોજી, અમારા સ્ટાફની સંપુર્ણ સર્મપિત મહેનત,અમારા ભાગીદારો જેઓ આખા વિશ્વમાં પથરાયેલા છે,ઈશ્વર દ્વારા અમારા કાર્યને સફળ કરવા માટે અપાયેલ સહાય આ બધાને આભારી છે તેવુ જેરી જેકસન જેઓ ફાઉન્ડર અને પ્રેસિડેન્ટ,ફેઈથ કમ્સ બાય હિયરીંગ, જણાવ્યુ હતું.

નવી ભાષાઓનો સમાવેશ કરાયો તેમાં આવાજુન ,પેરુમાંથી, કેનેલા, બ્રાઝિલ,ચાડીયન અરેબીક અને કેન્ગા, ચાડ,થરાકા,કેન્યા, ટૌરા કોટી ડી આઈવોરી અને કોપાતા ડાયલેક્ટ(ટ્રીક્યુ ડાયલેક્ટ ના ભાગ રુપે)અને યતઝેચી ડાયલેક્ટ (ઝપોટીકો ડાયલેક્ટ) મેકસીકો, ચાડીયન અરેબીક એક મોટુ ગ્રુપ છે. જેને આ નવા રીલીઝનો લાભ મળશે.જ્યારે નાના ગ્રુપમાં કેનેલા, જે બ્રાઝીલમાં બોલાય છે તેવું મીનીસ્ટ્રી તરફથી જણાવાયું હતું.નવા રીલીઝથી લગભગ ૧.૪ મીલીયન લોકો તેનો લાભ લઈ શકશે.ઈશ્વરના શબ્દોનું ઓડીયો તેમના માટે તેમની ભાષામાં મળી શકશે.

૭૩૩ ભાષાઓમાં ૫.૭ બીલીયન લોકો ૧૮૯ દેશોમાં આ રીલીઝનો લાભ લઈ રહ્યા છે.ફેઈથ કમ બાય હીયરીંગે ડીજીટલ સ્કીપર્ચસનું સ્ટ્રીમીંગ કરી ડાઉનલોડ કરી શકશે.આ મીનીસ્ટ્રીએ એપ પણ ડેવલપ કર્યું છે બાયબલ પ્રમાણે અને ડીફ બાયબલ પણ ઉપલબ્ધ છે.જેઓ નિયમિત રીતે ઈન્ટરનેટ, અથવા તો મોબાઈલ ડીવાઈસીસ થી સંપર્ક કરી શકતા નથી. તેઓ માટે એફસીબીએચ તરફથી ઓડીયો વર્જન,ન્યુ ટેસ્ટામેન્ટનું પુરુ પાડવામાં આવે છે. જે તેમના ૩૩૦,૦૦૦ સોલાર પાવરથી ઉપલબ્ધ બને છે.

આ સંસ્થા હાલના જનરેશનની જરુરીયાતો પુરી કરવા માટે મદદ કરવા માટે સંપુર્ણ રીતે તૈયાર છે.તેમની ઈચ્છા ઈશ્વરના શબ્દો દરેક ભાષામાં ઉપલબ્ધ બને અને લોકો સુધી પહોચે માટે તે કોઈપણ જાતની મદદ કરવા તૈયાર છે.તેમનું કામ હૃદયની ભાષાને રેકોર્ડ કરવાનું છે.ઓડીયો બાયબલ તેમના ચર્ચોને ભેગા કરશે અને તેમના દ્વારા દરેક દેશોમાં શિસ્તનું નિર્માણ કરશે.દરેક જાતિ,દરેક ભાષા અને દરેક લોકો એક થશે.બાયબલનું ઓડીયો વર્ઝન જરુરી છે કારણકે વિશ્વની ૫૦ ટકા વસ્તી અભણ છે તેવું તેમણે જણાવ્યું હતું.મોટાભાગના લોકો અવિકસિત દેશોમાં વસે છે અને તેઓ ઈશ્વરના વચનો વાંચી શકતા નથી.તેમની ભાષામાં અનુવાદ કરાય તો પણ તેઓ વાંચી શકતા નથી.તેમના માટે સરળ અને સહેલો રસ્તો એ છે કે તેમને ઓડીયો બાયબલ પુરા પાડવામાં આવે,અને તેના કારણે તેઓ ઈશ્વરના વચનો સમજી શકે.ઈશ્વરના વચનો પૃથ્વી પર વસતા તમામ લોકો પાસે જાય અને જેઓ આ સાંભળી શકે અને ઈશ્વરના પ્રેમને સમજી શકે.

| નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. | અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
| --- | --- |
| શ્રી ભાઈલાલભાઈ ટેલર,<br>પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ,<br>નડીયાદ.૨<br>શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,<br>નવદીપનગર, પવનચક્કી રોડ,<br>નડીયાદ.૨<br>શ્રી.એસ.કે અમીન,<br>આર્શીવાદનગર, રામતલાવડી,<br>નડીયાદ.૨ | શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,<br>**જીવન સાહિત્ય ભંડાર,**<br>શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ),<br>અમદાવાદ.૮<br>**ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,**<br>શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની,<br>બહેરામપુરા,અમદાવાદ.૨૨ |

# વિચારો માં પુજ્ય ગાય વ્યવહારમાં ત્યાજ્ય શા માટે ?

છેલ્લા પાંચ વર્ષોમાં રસ્તા પર રખડતી ગાયોને કારણે થયેલ અકસ્માતો અને તેના કારણે થયેલ મૃત્યુ અને ગંભીર ઈજાઓને કારણે અનેક લોકોએ સહન કરવું પડ્યું છે.મુખ્ય માર્ગો પર અંડિંગો જમાવીને બેસી રહેતી ગાયો સત્તાવાળાઓ દુર કરી શક્યા નથી એની પાછળનું કારણ મતબેક છે.આ રખડતા ઢોરોને ડબ્બે પુરવા માટેના કાયદાઓ છે તેનો આંશિક અમલ થાય,તેમજ હિંદુ ધર્મના કેટલાક તહેવારો આવતા ધાર્મિક માન્યતાઓને આધારે ડબ્બે પુરેલ આ રખડતા ઢોરોને છોડી મુકવાની પરંપરા છે.પછી કોઈપણ પક્ષ સત્તા પર હોય પરંતુ બધાને પશુપાલકોના વોટ જોઈએ છીએ.ગુજરાતમાં રસ્તાઓ પર બેસી રહેતી ગાયોની સમસ્યા સર્વ વ્યાપ છે.ધાર્મિક કારણોસર પ્રજાને ગાય જોઈએ છે.પણ આર્થિક કારણોસર નિભાવવી નથી.ધર્મ અને કાનુનને કારણે જીવતી રહે છે પણ તેને સરખી રીતે જીવવા દેવી નથી.ઘણાને તે દુધ આપે ત્યારે જોઈએ છે, ન આપે ત્યારે જોઈતી નથી.હિંદુઓની આસ્થાનું કેન્દ્ર છે.૩૩ કરોડ દેવતા તેના શરીરમાં વાસ કરે છે,પણ ગાયોને વાસ કરવાની સલામત જગા નથી.ગાયોના પંચગવ્યનું આર્યુવેદમાં, ધાર્મિક વિધિઓમાં મહત્વ છે.તેના દુધનું વિશેષ મહત્વ દરેક જણ સમજે છે.પણ આરોગે છે ભેંસનું દુધ. ભેસો માટે ચારો છે.ગાયો માટે પ્લાસ્ટીકની થેલીઓ અને એંઠવાડ છે. આમાં ગાયો જાય ક્યાં ?જે પુજનીય છે તે ભટકતી ફરે છે. માર ખાય છે. અકસ્માતનો ભોગ બને છે. ગાયો માટે બધા જ છે.છતાં ગાયોનું કોઈ નથી.ખેડુતોને બળદ જોઈએ છે. તેથી બાર્ગેઈનમાં ન જોઈતી ગાયો મળે છે. પરંતુ ધીમે ધીમે હવે બળદ પાળવાનો અને ખેતીમાં તેનો ઉપયોગ કરવાનો જુનો શિરસ્તો લગભગ નાબુદ થવા લાગ્યો છે.ટ્રેકટરથી ઝડપથી ખેતરો ખેડાઈ જતા હોય તો તે બળદ કરતાં સહેલું અને સસ્તુ પડે છે.તેથી ધીમે ધીમે બળદોની કતલખાને જવાની સંખ્યામાં વધારો થયો છે.ભેસને જો પાડી જન્મે તો તે રાખી લેવાય, પરંતુ પાડો જન્મે તો આખરે તે કસાઈવાડે જ જાય.એવું હવે ગાયની ઓલાદોમાં પણ દેખાવા લાગ્યું છે.ગુજરાતમાં હજુ લોકો ધાર્મિક લાગણીથી ગૌવંશ સાથે જોડાયેલા છે. તેથી થોડોક ખચકાટ અનુભવે છે તેથી ઝડપથી કસાઈ ખાને મોકલતા નથી. અને તેને દલાલો ને વેચી દેવામાં આવે છે.ધંધાદારીઓને માત્ર નાણાંની જ પડી હોય છે તેમને ધર્મ સાથે કોઈ લેવાદેવા નથી.

રસ્તા પર રખડતી ગાયો માર ખાઈને પણ ખાવાનું મેળવતી હોય છે.પ્લાસ્ટીક અને એંઠવાડ ખાઈને પણ જીવતી રહે છે.વરસાદમાં ભુખી, તરસી રસ્તા પર જીંદગી કાઢી નાંખે, વાહનો નીચે આવી જાય,ક્યારેક ગર્ભાશય બહાર લટકે,ટીબીથી પીડાય,શરીરમાં ભરાયેલા પ્લાસ્ટીકથી આંતરીક અવયવો કામ કરતા બંધ થઈ જાય,મોતિયો આવ્યો હોય,તો પણ એ માતા છે.માત્ર રસ્તા પર અટકીને ગૌમુત્ર માથે ચડાવવા માટે.બીજી બાજુ ગૌવંશ સંવર્ધન અને સંરક્ષણ માટે સેમિનારો યોજાય છે.વર્કશોપનું આયોજના થાય છે.ગૌમુત્ર પર થીસીસ લખાય છે.ગાયનુ દુધ સર્વશ્રેષ્ઠ જાહેર કરવામાં આવે. ગૌધન ટકશે ત્યાં સુધી ભારત ટકશે, ભારતનું અર્થતંત્ર ટકશે એવા વિધાનો થાય છે.ધર્મશાસ્ત્રોમાં ગાયના મહત્વ વિશે પ્રવચનો થાય.

અમુક રાજકીય પક્ષો હિંદુત્વની ફિલોસોફીને વરેલા છે. ગૌધનનું હિત એમના એજન્ડામાં છે. જે સરકાર ગૌવંશને સાચવશે તે સરકાર પ્રજાને ગમશે. ગુજરાત સરકાર પોતાની વિચારધારા અને લોકલાગણીને આધારેગૌવંશ માટેનો ખાસ વિભાગ ચલાવે છે.એકાદ વરસ અગાઉ દક્ષિણ ગુજરાતમાં સરકાર અને ખાનગી સંસ્થાઓના ઉપક્રમે એક દિવસની ચર્ચા થઈ. એક પ્રખર વ્યક્તા બોલવા ઉબા થયા ત્યારે જુની વિચારધારા પ્રત્યેનો ,પુરી સમજણ વગરનો પ્રેમ અને નવી વિચારધારા તરફનો પુર્વગ્રહ છુપાવી શક્યા નહી. એ બોલ્યા કે જે સ્ત્રીઓ સાડી પહેરીને આવી છે અને જે પુરુષો ધોતી,ઝભ્ભો પહેરીને આવ્યા છે તેમનું હું સ્વાગત કરુ છું.બીજાનું નહી.વડીલને જ્ઞાન ન હતું કે પોતે ઝભ્ભો પહેરીને આવ્યા છે તે એક સમયે સેન્ટ્રલ એશિયાના યવનોનો પહેરવેશ હતો.રામે ક્યારેય કફની પહેરી ન હતી.વકતાઓએ ગાયોની ચિંતા વ્યક્ત કરી. જ્યાં સુધી ગાયોનો નિભાવખર્ચ આર્થિક રીતે પોસાશે નહી ત્યાં સુધી ગૌવંશ સામે ખતરો રહેવાનો છે તેવો સુર વ્યક્ત કર્યો.કોઈકે કહ્યું કે ભારતીય ગાય અને વિદેશી ગાયમાં ફરક છે. ભારતીય ગાયની ખુંધમાં એક ખાસ નાડી હોય છે.સુર્યના કિરણો તેના પર પડે અને તેના કારણે ખાસ તત્વો ગાયના દુધમાં ભળે છે.સરકારે અને વ્યક્તાઓએ આવું આધારભુત રીતે પુરવાર કરવું પડે.અન્યથા આવી વાત ગપ્પુ લાગે.આજે ચોખ્ખુ,અસ્સલ સ્વાદવાળુ ગાયનું દુધ પીવુ હોય તો યુરોપ જવુ પડે.સરકારી અફસરે સરકારી યોજના સંભળાવી. અમદાવા અને બીજા નગરોમાં ફ્લેટમાં વસતા લોકો ગાયો પાળી શકે તે માટે સરકાર ગાયોના મજિયારા તબેલા બાંધશે.ફ્લેટમાં વસતું કુટુંબ તબેલે જઈ ગાય દોહી આવે. તેની દેખરેખ રાખે. શહેરોના પાદરે આ ગાયો માટેની સવલતની વાત થઈ.તેનો અમલ અધરો છે. તેના કરતાં બીજી પરવડે તેવી હળવી યોજના થઈ શકે.ગાયો માટે આપણી પાસ ઉત્તમ વિચારો છે.પણ ગાયોની હાલત ગલીના કુતરાઓથી બદતર છે.આ વિરોધાભાસ ભારતીય સમાજનો દંભ પ્રખર રીતે વ્યક્ત કરે છે.

એક તરફ શહેરોમાં ગાયોના દુધની માંગ રહે છે. પણ ભેંસની સરખામણીએ ગાય ઓછા સમય માટે ઓછી માત્રમાં દુધ આપતું પ્રાણી છે.સારી માત્રામાં દુધ ન આપે તે સમયે ગોપાલકને એ પોસાતી નથી.પછી ધાર્મિક કારણો વચ્ચે આવતાં નથી.રસ્તા પર છોડી દે છે.શહેરોમાં હોટલો,દુકાનો અને લારીઓના એઠવાડ,ભાજીપાલો મળી રહે તે હલકી કોટીના પ્લાસ્ટીક સાથે આરોગે. આમાં ઘણા એવા લોકો છે કે જે રાત્રે દોહવા માટે ગાયને લઈ સવાર દોહીને છોડી મુકે છે.એ પ્લાસ્ટીકવાળુ દુધ તો મહાઅનર્થ સર્જી શકે છે.વળી બિમાર નવજાત શિશું માટે એ ખરીદવામાં આવતું હોય છે. કેટલાક શહેરોમાં ઉત્તર ભારતના લોકો આ ધંધો ચલાવે છે.શહેરોમાં આટલી મોટી સંખ્યામાં ગાયો કયાંથી આવે ?રસ્તા પર કોણ છોડી જાય છે ?તેનો અભ્યાસ કરી એ કૃત્ય કરનાર લોકોને સજા કરવી જોઈએ.જો કે ગુજરાતના શહેરોમાં ગોયોને વાહનોમાં ઉઠાવી દુરની ગૌશાળામાં મુકવાનું કામ સરકાર કરે છે.પણ તેનો પાકો હિસાબ કોણ રાખે છે.ત્રણેક વર્ષ પહેલાં રાજકોટમાં આ કામમાં એક સરકારી અધિકારી પકડાયા હતા.ગુજરાતમાં વ્યક્તિથી માંડીને સંસ્થાઓના સ્તરે નિષ્ઠાવાન ગૌભક્તોની કમી નથી.ગુજરાત રાજસ્થાની સંસ્થાઓ નોધપાત્ર કાર્ય કરી રહી છે.નવસારી નજીક વાધલપરા ખાતે બિપિનભાઈ શાહ આર્યુવેદની પંચગવ્ય ઉપચાર પધ્ધતિ મુજબ કેન્સરની સારવા માટે મોટી હોસ્પીટલ અને કોલેજ ચલાવી રહ્યા છે.રાજસ્તાની પથમેડા ખાતેની ગૌશાળા ગાયના દુધમાંથી મીઠાઈઓ અને દુધનો પાવડર નહી નફો નહી નુકશાનના સિધ્ધાંત પર, આધુનિક પધ્ધતિથી બનાવીને વેચે છે.ગુજરાત સરકારે તેમની સાથે સહયોગ કરવો પડે.જૈનોની ગૌશાળાઓના કાર્યકરો ઘેર ઘેર જઈને પસ્તી ઉઘરાવી ગાયોનો નિર્વાહ કરે છે.દક્ષિણ ગુજરાતમાં ખાનગી ધોરણે ખાતરી સાથે દુધની મીઠાઈઓ મુંબઈમાં વેચાવા આવે છે.તેની ડિમાન્ડ પણ છે.અને ઊંચી કિંમત પણ મળે છે.એક જર્મન નાગરિકે મુંબઈ નજીક કસારા ઘાટમાં ગાયોનું ફાર્મ અને ડેરી ખોલ્યા છ.કાચની બોટલમાં એ ગાયનું દુધ દક્ષિણ મુંબઈમાં ૮૦ રુપીયે લીટર વેચે છે.આવા માહોલમાં ગુજરાત સરકાર બીજી અનેક સંસ્થાઓ સાથે કોર્ડીનેટ કરીને, પ્રાઈવેટ,પબ્લીક પાર્ટનરશીપના ધોરણે ગાયો માટે સફળ ઉપક્રમ શરુ કરી શકે છે.

વિનોદ પંડયા(સૌ.સંદેશ)

અનું.પાન નં. ૧ નું ચાલુ

રોમા ડોઉની જે યુએસમાં ખુબજ પ્રશંસા પામેલ ટીવી સીરીયલ ધ બાયબલના પ્રોડ્યુસર છે.બાયબલે યુ.કે માં ચેનલ ૫ દ્વારા પ્રસારિત કરવામાં આવશે.રોમા એ ટચ બાય એન એન્જલ માં મોનીકાનો ખુબજ પ્રતિભાવંત રોલ કર્યો હતો અને તેનાથી તેઓ વધુ જાણીતા બન્યા હતા.તેણી ઈશ્વરના વચનો વહેચવામાં તેમના રોજીંદા જીવનમાં તેઓ કાર્ય કરે છે.તાજેતરમાં બાયબલ ટીવી સીરીઝ દ્વારા તેણીએ તેમના પતિની સાથે ઈશ્વરના વચનો વહેચવામાં ભાગ લીધો હતો.

આ ટીવી સીરીઝનું યુંકે માં પ્રસારણ થાય તે માટે યુકેનો ખ્રિસ્તી સમાજ આતુરતાપુર્વક રાહ જોઈ રહ્યો છે.યુ.એસના આ સીરીયલને ભારે પ્રતિસાદ મળતાં યુ.કેમાં પણ તેને જોવાની દર્શકોની ઈચ્છા વધી ગઈ છે.આ વર્ષના ટેલીવીઝન રેટીંગમાં આ સીરીયલને હાઈએસ્ટ રેટીંગ મળ્યું છે.

તેમને પુછાયેલ પ્રશ્નો તેમણે જવાબ આપતાં જણાવ્યું હતું કે મારા અંગત જીવનમાં મારે ઈશ્વર સાથેના જે સંબધો છે તેમાં હું ઈસુને ખુબ ચાહું છું.અને તે મારા માટે ગૌરવની બાબત છે. મારા કાર્ય સાથે ખુબજ પ્રેમથી સંકળાવવું તેવીજ રીતે હું ઈશ્વર સાથે એટલા જ પ્રેમથી જોડાયેલ છું.અને તેને કારણે હું આર્શીવાદિત બની છું.

મને એન્જલ તરીકેનો રોલ કરવાની ધ ટચ બાય ધ એન્જલમાં તક મળી,તેને હું વર્ષો સુધી મારા માટે ગૌરવની બાબત ગણીશ.જો કે બે દશકાથી હું આ ગૌરવને માણી શકી છું.આ બાબતનો સંદેશો અમે અમારા કાર્યક્રમમાં પણ આપીએ છીએ.આ સંદેશો એ છે કે ઈશ્વર અમોને પ્રેમ કરે છે.દરેક સીન કરતાં પહેલા અમે સાથે મળીને ઈશ્વરની પ્રાર્થના કરીએ છીએ અને મદદ માંગીએ છીએ. આ પ્રાર્થના અને મદદમાં અમો શું માંગીએ છીએ એ પણ તમોને જણાવીએ છીએ કે અમારા દ્વારા પ્રભુ તમે જ મહીમા પામો.


**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જહોન એમ. મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર
**બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં : ૯૮૯૮૦૭૨૮૮૧


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.